– સોમવારથી શુક્રવાર સવારના ૯–૦૦ થી રાતના ૯–૦૦ સુધી શનિવાર અને રવિવાર સવારના ૧૦–૩૦થી સાંજના ૫–૩૦ સુધી જાહેર રજાના દિવસો સવારના ૯–૦૦ થી બપોરના ૧–૩૦ સુધી (૧) મકરસંક્રાતી (૨) પ્રજાસત્તાકદિન (૩) ધુળેટી (૪) સ્વાતંત્ર દિનના દિવસે ગ્રંથાલય સંપુર્ણ બંધ રહે છે તથા યુનિવર્સિટી વહીવટી કાર્યાલય માટે જાહેર કરવામાં આવેલી અન્ય દિવાળીની રજાઓમાં ગ્રંથાલય સંપૂર્ણ બંધ રહે છે.

**<u>ગ્રંથાલય સભ્યપદ :</u>**

નીચે દર્શાવેલ વ્યકિતિઓ નિયત કરેલા અરજીપત્રકમાં જણાવ્યા મુજબ વ્યકિતઓની સહી સિકકા કરાવીને ગ્રંથાલયના સભાસદ થઈ શકશે.

(૧) સેનેટ સિન્ડિકેટના જુના તથા હાલના સભ્યો અને યુનિવર્સિટીની બીજી તમામ સમિતિઓના (Authorities) હાલનાં સભ્યો.

(૨) યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓના અધ્યક્ષો, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વડાઓ તથા અધ્યાપકો.

(૩) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં અધ્યાપનના કાર્ય માટે આવતા મુલાકાતી અધ્યાપકો.

(૪) યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં અધ્યાપનનું કાર્ય કરી રહેલા અધ્યાપકો.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યો, અધ્યાપકો તથા ગ્રંથપાલો.

(૬) યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ.

(૭) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા ટેકની. કર્મચારીઓ.

(૮) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીનાં એક્ષટર્નલ વિદ્યાર્થીઓ.

(૯) જાહેર જનતામાં ઉત્સુક એવા નાગરીકો (વિદ્યાર્થી ન હોઈ તેવા ).

(૧૦) યુનિવર્સિટીમાં એમ. ફીલ. પી.એચડી. માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ.

(૧૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા સંશોધન કાર્ય કરી રહેલ માન્ય સંસ્થાઓ. આવી સંસ્થા માટે એક સંસ્થા અધ્યન કાર્ડ બનાવવામાં આવશે.જે ગ્રંથાલયમાં જ રાખવામાં આવશે આ કાર્ડ પર તે સંસ્થાનાં એક સમયે એક જ પ્રતિનિધિ ગ્રંથાલયનો ઉપયોગ કરી શકશે.

(૧૨) કોઈ પણ વ્યકિત ગમે તે એક જ પ્રકારનું સભ્યપદ ધારણ કરી શકશે.

**શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૫૨. યુનિવર્સિટી કુલ કેટલા કર્મચારીઓને પોતાના સ્વભંડોળમાંથી પગાર ચૂકવે છે? વાર્ષિક કેટલો ખર્ચ આ પગાર ચુકવવામાં થાય છે?

**ઉત્તરઃ** ૫૨. સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી વાર્ષિક નીચે મુજબનો પગાર પોતાના સ્વભંડોળ, સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ તથા પરીક્ષા ફંડમાંથી ચૂકવે છે.

(૧) સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ (રોજમદાર/ ફીક્સ એડહોક કર્મચારી તથા ફીક્સ એડહોક લેકચરર્સ) – રૂ.૬૨,૮૯,૩૫૯/–

(૨) પરીક્ષા ફંડ (રોજમદાર/ ફીક્સ એડહોક કર્મચારી તથા ફીક્સ એડહોક લેકચરર્સ) – રૂ.૩૮,૨૭,૪૪૭/–

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૫૩. યુનિવર્સિટીમાં પ્રતિ વર્ષ વિદ્યાર્થીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. તે આનંદની વાત છે. પરંતુ કમનસીબે વહીવટી કર્મચારીઓ અને શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા ઘટી રહી છે તો આ બાબતે યુનિવર્સિટીએ ખાલી જગ્યા ભરવા માટે શું કાર્યવાહી કરી તેની માહિતી આપો.

(અ) પરીક્ષાનું અતિ ગોપનીય કાર્ય તમામ રોજમદાર કર્મચારીઓ ઉપર જ ચાલે છે. તો આ બાબતે સ્ટાફની કાયમી ભરતી કરવા બાબતે શું પગલાં લીધા છે અને આવું કયાં સુધી ચાલશે ?

**ઉત્તરઃ** ૫૩. યુનિવર્સિટી ધ્વારા ખાલી જગ્યા ભરવા માટે રાજય સરકારશ્રીની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(અ) કાયમી જગ્યા ન ભરાય ત્યાં સુધી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૫૪. (૧) વી. ન. દ. ગુ. યુ.નું એરિયા વાઈઝ ચોરસ મી. માં કેટલું ક્ષેત્રફળ છે. કેટલા વિસ્તારમાં યુનિવર્સિટી કેમ્પસ પી. જી. ડીપાર્ટમેન્ટ સહિત પથરાયેલું છે તેની વિગતો વિગતવાર આપશો.

(અ) યુ. જી. સી.ના બાર ડ્રાફ્ટ પ્રપોઝલમાં યુનિવર્સિટીનું ક્ષેત્રફળ ૨૧૦ હેકટર દર્શાવાયું છે. શું એ વાત સાચી જો ખોટી હોય તો યુ. જી. સી. જેવી સંસ્થાની સાથે આવી ગંભીર છેતરપીડી માટે જવાબદાર કોણ ?

(બ) યુનિવર્સિટીના સ્થાપના ૧૯૬૫માં થઈ ત્યારે તેની પાસે કેટલી જમીન હતી ? જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે કેટલી જગ્યા યુનિવર્સિટી પાસે છે તેની વિગતો આપશો.

**ઉત્તરઃ** ૫૪. યુનિવર્સિટીનું એરીયા વાઈઝ ૮,૪૯,૮૩૮.૫૦ ચો.મીટર ક્ષેત્રફળ છે. હાલમાં ૧,૩૫,૮૩૩/– ચો. મીટરનો પીજી ડિપાર્ટમેન્ટ, રોડ, બગીચા, ગ્રાઉન્ડ વિગેરેમાં પથરાયેલું છે.

(અ) **યુ.જી.સી.ની ૧૨ પંચવર્ષીય યોજનાની દરખાસ્તમાં શરતચૂકથી ૨૧૦ હેકટર દર્શાવેલ છે જે ૨૧૦ એકર છે. વધુમાં સદર દરખાસ્તમાં યુનિવર્સિટીની Brief Profile માં યુનિવર્સિટીનું ક્ષેત્રફળ ૨૧૦ એકર જ દર્શાવેલ છે.**

(બ) ૧૯૬૫માં જેટલી જમીન હતી તેટલી જ જમીન ૨૦૧૩માં યુનિવર્સિટી પાસે છે.

**શ્રી ધર્મેશભાઈ પી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૫૫. (A) યુનિવર્સિટીમાં આચાર સમિતિની રચના કઈ રીતે કરવામાં આવે છે? તેના સદસ્ય કોણ હોય શકે ? તેની કાર્ય પધ્ધતિ કઈ હોય છે ? આચાર સમિતિના કાર્યનો સમયગાળો કેટલો હોય છે ? શું તેના નિર્ણયો આખરી હોય છે ?

(B) યુનિવર્સિટી અંતર્ગત પ્રવેશ અને પરીક્ષાના ફોર્મ ભરવા અંગેની ફેકલ્ટી પ્રમાણે શું હોય છે ? સુરત શહેર બહારના વિદ્યાર્થીઓ માટે તે કેવી રીતે અમલી બને છે ?

**ઉત્તરઃ** ૫૫. (A) સિન્ડિકેટ આચાર સમિતિની રચના કરે છે, સિન્ડિકેટ જે સભ્યોને નિયુકત કરે તે તેના સદસ્યો હોય છે. આચાર સમિતિનો કાર્યકાળ એક વર્ષનો હોય છે. આચાર સમિતિ ભલામણો કરે છે એ ભલામણોને સિન્ડિકેટ બહાલી આપે ત્યાર બાદ તે અમલી બને છે.

(B) પ્રશ્ન અસ્પષ્ટ છે.

**શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૫૬. યુનિવર્સિટી હોસ્ટેલ પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની હોસ્ટેલ ડિપોઝીટ અંગે.

| ક્રમ | વર્ષ | યુનિવર્સિટી હોસ્ટેલમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની સંખ્યા | યુનિવર્સિટી હોસ્ટેલ ડિપોઝીટ સ્વરૂપે યુનિવર્સિટીને મળેલ નાણાંની કુલ રકમ | યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને પરત કરેલ હોસ્ટેલ ડિપોઝીટની કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧. | 1993-94 | | | |
| ૨. | 1994-95 | | | |
| ૩. | 1995-96 | | | |
| ૪. | 1996-97 | | | |
| ૫. | 1997-98 | | | |
| ૬. | 1998-99 | | | |
| ૭. | 1999-00 | | | |
| ૮. | 2000-01 | | | |
| ૯. | 2001-02 | | | |
| ૧૦. | 2002-03 | | | |
| ૧૧. | 2003-04 | | | |
| ૧૨. | 2004-05 | | | |
| ૧૩. | 2005-06 | | | |
| ૧૪. | 2006-07 | | | |
| ૧૫. | 2007-08 | | | |
| ૧૬. | 2008-09 | | | |
| ૧૭. | 2009-10 | | | |
| ૧૮. | 2010-11 | | | |
| ૧૯. | 2011-12 | | | |
| ૨૦. | 2012-13 | | | |

**ઉત્તરઃ** ૫૬. **યુનિવર્સિટી હોસ્ટેલમા પ્રવેશ લેનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ડિપોઝીટ અંગેની માહિતી નીચે મુજબ છે.**

| ક્રમ | વર્ષ | યુનિવર્સિટી હોસ્ટેલમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી ની સંખ્યા | | યુનિવર્સિટી હોસ્ટેલ ડિપોઝીટ સ્વરૂપે યુનિવર્સિટીનેમળેલ નાણાંની કુલ રકમ | | યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને પરત કરેલ હોસ્ટેલડિપોઝીટની કુલ રકમ | |
|---|---|---|---|---|---|---|---|
| | | વિદ્યાર્થી | વિદ્યાર્થીની | વિદ્યાર્થી | વિદ્યાર્થીની | વિદ્યાર્થી | વિદ્યાર્થીની |
| (૧) | ૧૯૯૩–૯૪ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૨) | ૧૯૯૪–૯૫ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૩) | ૧૯૯૫–૯૬ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૪) | ૧૯૯૬–૯૭ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૫) | ૧૯૯૭–૯૮ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૬) | ૧૯૯૮–૯૯ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૭) | ૧૯૯૯–૦૦ | રેકોર્ડ ઉપલબ્ધ નથી | – | – | – | – | – |
| (૮) | ૨૦૦૦–૦૧ | ૨૦૦ | – | ૮૦,૦૦૦ | – | ૧૮,૯૦૦ | – |
| (૯) | ૨૦૦૧–૦૨ | ૯૯ | – | ૩૯,૬૦૦ | – | ૨૭,૯૦૦ | – |
| (૧૦) | ૨૦૦૨–૦૩ | ૧૨૫ | – | ૫૦,૦૦૦ | – | ૭,૬૫૦ | – |
| (૧૧) | ૨૦૦૩–૦૪ | ૧૦૯ | ૯૩ | ૪૩,૬૦૦ | – | – | – |
| (૧૨) | ૨૦૦૪–૦૫ | ૧૩૭ | ૧૦૩ | ૫૪,૮૦૦ | – | – | – |
| (૧૩) | ૨૦૦૫–૦૬ | ૧૪૫ | ૧૭૫ | ૫૮,૦૦૦ | – | – | – |
| (૧૪) | ૨૦૦૬–૦૭ | ૨૦૬ | ૨૬૬ | ૮૨,૪૦૦ | – | ૨૦,૭૦૦ | – |
| (૧૫) | ૨૦૦૭–૦૮ | ૧૭૦ | ૨૯૩ | ૬૮,૮૦૦ | – | ૨૫,૬૫૦ | – |
| (૧૬) | ૨૦૦૮–૦૯ | ૧૭૩ | ૩૧૨ | ૬૯,૨૦૦ | ૧૨૪૮૦૦/– | ૧૬,૬૫૦ | – |
| (૧૭) | ૨૦૦૯–૧૦ | ૧૪૬ | ૩૨૮ | ૫૮,૪૦૦ | ૧૬૯૦૦૦/– | ૧૭,૧૦૦ | – |
| (૧૮) | ૨૦૧૦–૧૧ | ૧૭૫ | ૪૧૦ | ૭૦,૦૦૦ | ૨૦૫૦૦૦/– | ૯,૦૦૦ | – |
| (૧૯) | ૨૦૧૧–૧૨ | ૧૬૦ | ૪૦૦ | ૮૦,૦૦૦ | ૨૦૦૦૦૦/– | ૧૫,૪૫૦ | – |
| (૨૦) | ૨૦૧૨–૧૩ | ૧૬૮ | ૪૧૬ | ૮૪,૦૦૦ | ૨૦૮૦૦૦/– | – | – |

**નોંધ :** (૧) **૨૦૦૮–૦૯ શૈક્ષણિક વર્ષ સુધી ગર્લ્સ હોસ્ટેલ ડિપોઝીટની રકમ હિસાબી વિભાગ માંથી ચૂકતે કરવામાં આવતી હતી.**

(૨) **૨૦૦૮–૦૯નાં શૈક્ષણિક વર્ષથી ગર્લ્સ હોસ્ટેલડિપોઝીટ માટે અરજી આવે તેને પરત કરવી તે રીતનો નિર્ણય લેવામાં આવ્યો હતો.**

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૫૭. યુનિવર્સિટી દ્વારા યોજાતો પદવીદાન સમારંભ વર્ષમાં એક વાર થાય છે. જેને લીધે અન્ય યુનિવર્સિટી અથવા વિદેશમાં અભ્યાસ કરવા માટે જવા માંગતા વિદ્યાર્થીઓ અથવા પાસપોર્ટ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ કે નોકરી મેળવવા માંગતા વિદ્યાર્થીઓ મુશ્કેલી અનુભવે છે તો પદવીદાન સમારંભ વિદ્યાર્થીઓના હિત માટે વર્ષમાં બે વાર કરવો જોઈએ. તે માટે યુનિવર્સિટી શું આગળ યોજના બનાવી રહી છે.

**ઉત્તરઃ** ૫૭. સ્ટેટયુટ – ૨૨ તથા ૨૨૮માં દર્શાવ્યા મુજબ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ યોજવામાં આવે છે. આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : ધ )**

– પદવીદાન સમારંભ વર્ષમાં બે વાર કરવા માટે અધિકાર મંડળ નિર્ણય કરી શકે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૫૮. છેલ્લા બે વર્ષ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી તંત્રના કયા અને કેટલા અધિકારી અને કર્મચારીઓ તેમજ વિવિધ ડિપાર્ટમેન્ટના કયા અને કેટલા અધ્યાપકો કયા કારણોસર વિદેશ પ્રવાસે ગયા હતા તેની માહિતી આપવી.

(અ) ઉપરોક્ત પૈકી કોણ સત્તાવાર પ્રવાસે અને કેટલા ખાનગી પ્રવાસે વિદેશયાત્રાએ ગયા હતા તેની વિગતો આપવી.

**ઉત્તરઃ** ૫૮. – માહિતી આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : ન )**

(અ) ઉપર મુજબ.

**શ્રી ધર્મેશભાઈ પી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૫૯. (A) યુનિવર્સિટી અંતર્ગતના વિદ્યાર્થીઓનું આંતર યુનિવર્સિટી/ આંતર રાજ્ય/ તેમજ રાષ્ટ્રીય સ્તરે છેલ્લા બે વર્ષમાં સ્પર્ધાઓમાં રમતમાં શું પરિણામ તેમજ પ્રદર્શન રહયું ? યુનિવર્સિટી ટીમ કયા–કયા સ્તરે કેટલી–કેટલી રમતોમાં ભાગ લે છે ?

(B) યુનિવર્સિટી રમત વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના રમત–ગમત અંગે પ્રોત્સાહન માટે શું પગલાં ભરવામાં આવે છે.

(C) યુનિવર્સિટીમાં અભ્યાસરત વિકલાંગ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી લગતી કાર્યવાહીમાં સરળતા માટે અલગથી વિચારવામાં આવે છે ?

**ઉત્તરઃ** ૫૯. (A) યુનિવર્સિટી અંતર્ગતના વિદ્યાર્થીઓનું આંતર યુનિવર્સિટી/ આંતર રાજયનું પરીણામ તેમજ પ્રદર્શનની માહિતી આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

. **(પરિશિષ્ટ : પ )**

(B) યુનિવર્સિટી રમત વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના રમત-ગમત અંગે પ્રોત્સાહન માટે દર વર્ષ ૨૭ જેટલી જુદી જુદી આંતર કોલેજ સ્પર્ધા અને આંતર યુનિવર્સિટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. તેમજ આંતર યુનિવર્સિટી રમવા જનાર ખેલાડીઓને સ્પોર્ટસ કીટ અને પ્રોત્સાહન સ્વરૂપે પુરસ્કાર અને રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

(C) હાજી.

**શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૦. યુનિવર્સિટીનો અંગ્રેજી વિભાગના અધ્યાપક શ્રી મીહિર મોરી, યુ.જી.સી. દ્વારા નકિક કરવામાં આવેલ ધારા–ધોરણ અને નિયમ મુજબની લાયકાત તેમની નિમણૂંક સમયે ધરાવતા હતા?

**ઉત્તરઃ** ૬૦. તા.૧૮-૮-૨૦૦૭થી આપવામાં આવેલ જાહેરાત અને લાયકાત ધોરણો મુજબ સિન્ડિકેટ તા.૧૫-૧૦-૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧)થી પસંદગી સમિતિની ભલામણ સ્વીકારી નિમણૂંક કરવામાં આવી હતી.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૧. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧–૧૨ અને ૧૨–૧૩ માટે કેન્દ્રિય પ્રવેશ સમિતિ ધ્વારા એફ. વાય . બી. કોમ., એફ.વાય.બી.એ., એફ. વાય. બી.સી.એ. અંગ્રેજી– ગુજરાત – હિન્દી તમામ માધ્યમોમાં કેટલા પ્રવેશ ફાળવાયા હતા ?

(અ) કોલેજની વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા સામે કેટલા વધુ પ્રવેશો ફાળવવામાં આવ્યા હતા તેની વિગતો.

(બ) એડમીશન કમિટિને ફોર્મ વેચાણ તેમજ અન્ય ફી પેટે કેટલી આવક થઈ અને તેનો ખર્ચ કયાં કયાં કરવામાં આવ્યો તેની વિગત આપવી.

(ક) તમામ કોલેજોની તમામ કેટેગરીમાં બન્ને વર્ષ દરમ્યાન કેટલું છેલ્લું એડમીશન કેટલા ટકાએ અને કેટલા મેરીટે અટકયું તેની વિગતો આપવી.

(ડ) આ બે વર્ષ દરમ્યાન તમામ કોલેજોમાં કેટલીક બેઠકો પ્રથમ રાઉન્ડના અંતે ખાલી પડી હતી તેની વિગતો આપવી.

**ઉત્તરઃ** ૬૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માટે કેન્દ્રિય પ્રવેશ સમિતિ ધ્વારા એફ.વાય.બી.એ. માં પ્રવેશ અપાતા નથી. અને એફ.વાય.બી.કોમ. અને એફ.વાય. બી. સી. એ. ની માહિતી નીચે મુજબ છે.

| | **વર્ષ** | **પ્રવેશની સંખ્યા** |
|---|---|---|
| એફ.વા.બી.કોમ. | ૨૦૧૧–૧૨ | ૨૧૬૨ |
| | ૨૦૧૨–૧૩ | ૨૩૦૦ |
| એફ.વાય.બી.સી.એ. | ૨૦૧૧–૧૨ | ૧૧૭૬૯ |
| | ૨૦૧૨–૧૩ | ૧૨૩૭૧ |

(અ), (બ),(ક), (ડ) અંગે કેન્દ્રીય પ્રવેશ સમિતિ પાસે મળેલ માહિતી સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૬૨. નેશનલ એક્રીડેટશન એન્ડ એસેસમેન્ટ કમિશન, મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીજીની સરકારે જાહેર કર્યુ છે કે NAAC એક્રીડેટશન નહી ધરાવતી હોય તેવી કોલેજોની સામે પગલાં ભરવા વી. ન. દ. ગુ. યુનિ. સંલગ્ન કેટલી કોલેજો પાસે નેક એક્રીડીટેશન રેટીંગ નથી તેની વિગતો જણાવો. આ કોલેજો સામે શું કાર્યવાહી કરી તેની વિસ્તૃત માહિતી આપવી.

**ઉત્તર:** ૬૨. – **યુનિવર્સિટી સંલગ્ન કુલ <u>૨૩૬</u> કોલેજો પૈકી <u>૫૧</u> કોલેજોએ NAAC એક્રેડિટેશન મેળવેલ છે. હાલ પણ સદર કાર્યવાહી ચાલુ છે.**

– **હાલ કોઈ પગલા લેવામાં આવ્યા નથી.**

**શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૬૩. યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યાપક શ્રી મીહિર મોરી યુ.જી.સી.ના નિયમાનુસાર અને યુનિવર્સિટીના સ્ટેટયુટ, એકટ તેમજ ઓર્ડીનન્સ મુજબ તેમની નિમણૂંક થયેલ છે?

**ઉત્તર:** ૬૩. સિન્ડિકેટ તા.૧૫-૧૦-૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) થી ઓર્ડિનાન્સ-૩૭ અંતર્ગત પસંદગી સમિતિની ભલામણ સ્વીકારી નિમણૂંક કરવામાં આવી હતી.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૬૪. (A) યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં કોણે કોણે કેટલું દાન યુનિવર્સિટીને આપ્યું ?

(B) યુનિવર્સિટીને મળેલા દાનને યુનિવર્સિટીની સિન્ડિકેટે કયારે કયારે મંજૂરી આપી ?

(C) યુનિવર્સિટીમાં દાનથી બંધાયેલા મકાનો કયારે શરુ કરવામાં આવ્યા અને સિન્ડિકેટે કયારે મંજૂરી આપી ?

(D) દાનથી બંધાયેલા મકાનો અને ફાળવવામાં આવેલી જમીનો સિન્ડિકેટે મંજૂરી આપી છે તેમજ સરકારને આ બાબતે સરકારી મંજૂરી મળી છે. ?

(E) દાન અને બાંધકામ તથા જમીનની ફાળવણી માટે સરકારશ્રીને જાણ કરવામાં આવી છે. ?

(F) શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવેલી અથવા દાન મળેલી જમીનના હેતુ ફેર માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલી છે. ?

**ઉત્તરઃ** ૬૪. (A)

| | | |
|---|---|---|
| ૨૦૧૨–૨૦૧૩ | | |
| **૧–૦૪–૨૦૧૨ થી ૨૭–૨–૨૦૧૩ સુધીમાં મળેલ દાનની યાદી** | | |
| **ક્રમ** | **દાતાશ્રીના નામ** | **રકમ** |
| ૧ | અંબાબેન અંબેલાલ વશી ગોલ્ડ મેડલ | ૧૦૦૦૦૦ |
| ૨ | ડૉ.દીપકભાઈ ઉમરીગર ગોલ્ડ મેડલ | ૧૦૦૦૦૦ |
| ૩ | હરી ઓમ આશ્રમ શ્રીમોટા વાટિકા | ૩૫૦૦૦૦ |
| ૪ | ડૉ સુભદ્રા રાગોથામન સ્કોલરશીપ | ૧૦૦૦૦૦ |
| ૫ | કન્વેનીયર મીનુ પરાબીયા એન્ડોમેન્ટ ફંડ | ૨૦૦૦૦૦ |
| ૬ | ડૉ હર્ષદભાઈ ડાહયાભાઈ દેસાઈ મેડલ | ૧૦૦૦૦૦ |
| ૭ | લક્ષ્મીનારાયણ લક્ષ્મીભાઈ મુન્દ્રા | ૧૦૦૦૦૦ |
| ૮ | શ્રી હરીરામ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦૦૦૦૦ |
| ૯ | હરી ઓમ આશ્રમ શ્રીમોટા વાટિકા | ૩૫૦૦૦૦ |
| ૧૦ | શ્રી હરીરામ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦૦૦૦૦ |
| ૧૧ | સુમીત સ્પોર્ટસ એન્ડ ફીટનેશ ઈકવીપમેન્ટ | ૨૩૮૦૦૦ |
| ૧૨ | કલર ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લી. સુરત | ૨૫૦૦૦૦૦ |
| ૧૩ | સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી | ૨૦૦૦૦૦ |
| ૧૪ | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન સુરત | ૫૦૦૦૦૦ |

(B)

| ૨૦૧૨–૨૦૧૩ | | | |
|---|---|---|---|
| ૧–૦૪–૨૦૧૨ થી ૨૭–૨–૨૦૧૩ સુધીમાં મળેલ દાનની યાદી | | | |
| **ક્રમ** | **દાતાશ્રીના નામ** | **રકમ** | **તારીખ** |
| ૧ | અંબાબેન અંબેલાલ વશી ગોલ્ડ મેડલ | ૧૦૦૦૦૦ | ૧૭–૫–૧૨/૭૧ |
| ૨ | ડૉ.દીપકભાઈ ઉમરીગર ગોલ્ડ મેડલ | ૧૦૦૦૦૦ | ૧૭–૫–૧૨/૭૨ |
| ૩ | હરી ઓમ આશ્રમ શ્રીમોટા વાટિકા | ૭૦૦૦૦૦ | ૨૨–૧૨–૧૧/ ૯–૨–૨૦૧૨/૭૬ |
| ૪ | ડૉ સુભદ્રા રાગોથામન સ્કોલરશીપ | ૧૦૦૦૦૦ | |
| ૫ | કન્વેનીયર મીનુ પરાબીયા એન્ડોમેન્ટ ફંડ | ૨૦૦૦૦૦ | |
| ૬ | ડૉ હર્ષદભાઈ ડાહયાભાઈ દેસાઈ મેડલ | ૧૦૦૦૦૦ | ૫–૨–૧૩/૨૪ |
| ૭ | લક્ષ્મીનારાયણ લક્ષ્મીભાઈ મુન્દ્રા | ૧૦૦૦૦૦ | ૫–૨–૧૩/૨૪ |
| ૮ | શ્રી હરીરામ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦૦૦૦૦ | પાર્ટ પેમેન્ટ |
| ૯ | શ્રી હરીરામ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦૦૦૦૦ | પાર્ટ પેમેન્ટ |
| ૧૦ | સુમીત સ્પોર્ટસ એન્ડ ફીટનેશ ઈકવીપમેન્ટ | ૨૩૮૦૦૦ | |
| ૧૧ | કલર ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લી. સુરત | ૨૫૦૦૦૦૦ | ૭–૧–૧૩/૧૨૭ |
| ૧૨ | સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી | ૨૦૦૦૦૦ | ૫–૨–૧૩/૭,૮ |
| ૧૩ | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન સુરત | ૫૦૦૦૦૦ | પાર્ટ પેમેન્ટ |

(C) દાતાશ્રીએ/ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીમાં દાનથી બંધાયેલ મકાનો તા.: ૧૧–૧૦–૨૦૧૨ની સિન્ડિકેટમાં મંજૂર થયેલ છે અને ત્યારબાદ દાતાશ્રી દ્વારા પોતાની રીતે અને યુનિવર્સિટી દ્વારા બાંધકામ શરૂ કરવામાં આવેલ છે.

(D) હાજી.

(E) નાજી.

(F) નાજી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૬૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વિવિધ સંલગ્ન કેટલી કોલેજોને કયા કારણોસર કયા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરી તેની વિગતો આપવી.

(અ) દંડની વસુલાત કેટલી કોલેજો પાસેથી કયા કયા પ્રકારે કરી અને કેટલી રકમની કરી તેની વિગતો આપવી.

**ઉત્તર:** ૬૫. છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચે મુજબની કોલેજોને નીચે દર્શાવ્યા મુજબનાં કારણોસર નીચે મુજબની રકમનો દંડ કરવામાં આવે છે.

| ક્રમ નંબર | કોલેજનું નામ | દંડ/ શિક્ષા કરવાનું કારણ | દંડની રકમ | સંબધીત બિડાણ |
|---|---|---|---|---|
| (૧) | નવયુગ સાયન્સ કોલેજ | પરીક્ષાનુ પ્રશ્નપત્ર નિયત સમય કરતાં વહેલા ખુલી જવા બાબત. | રૂા.૧૦,૬૧૪/– | ૧. |
| (૨) | જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ | " " | રૂા.૪૨,૦૦૬/– | ૨. |
| (૩) | વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ્ એન્ડ સાયન્સ, બીલીમોરા | એનરોલમેન્ટ સમયમર્યાદામાં ન કરાવવા બાબત | ૧૫,૦૦૦/– | – |
| (૪) | એસ.એસ.અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ્ એન્ડ કોમર્સ, નવસારી | એનરોલમેન્ટ સમયમર્યાદામાં ન કરાવવા બાબત | ૧૫,૦૦૦/– | – |
| (૫) | વીર નર્મદ ભવન, ઈન્ટીરીયર ડીઝાઈન એન્ડ ફાઈન આર્ટસ્, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., | એનરોલમેન્ટ સમયમર્યાદામાં ન કરાવવા બાબત | ૫,૦૦૦/– | – |
| (૬) | એમ.આર.આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા | એનરોલમેન્ટ સમયમર્યાદામાં ન કરાવવા બાબત | ૫,૦૦૦/– | – |
| (૭) | સી.જે. પટેલ કોલેજ,વરીયાવ | સિન્ડિકેટના ઠરાવ મુજબ દંડ કરેલ છે. પરંતુ કોલેજે દંડ ભરેલ નથી. | ૧,૦૦,૦૦૦/– | – |

**(પરિશિષ્ટ : ફ )**

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૬. (A) યુનિવર્સિટીમાં ક્રિકેટ ગ્રાઉન્ડમાં માલિકી હકક કોનો છે ? એનું કોઈ ભાડું નકકી કરવામાં આવ્યું છે ? જો એ પ્રશ્નનો જવાબ હા હોય તો કેટલું ભાડું નકકી કરવામાં આવેલ છે ?

(B) ક્રિકેટ ગ્રાઉન્ડના ઉપયોગ / વહીવટીમાં સિન્ડિકેટ કે સેનેટની કોઈ ભૂમિકા ખરી ?

(C) ક્રિકેટ ગ્રાઉન્ડના ધંધાદારી ઉપયોગ માટે કોઈ અલગ ચાર્જ છે. ?

(D) વાહન પાર્કીન્ગની બાબતમાં વિચારણા કરી છે ?જો કરી હોય તો શું નિર્ણય લેવામાં આવ્યો. ?

**ઉત્તરઃ** ૬૬. (A) યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડનોમા માલિકી હકક યુનિવર્સિટીનો છે. રવિવારના દિવસે રૂ.૨૦,૦૦૦/– અને અન્ય દિવસે રૂ.૧૫,૦૦૦/– ભાડું નકકી કરવામાં આવ્યું છે.

(B) ક્રિકેટ ગ્રાઉન્ડના ઉપયોગ /વહીવટી માટે સિન્ડિકેટે સી. બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડના સંચાલન અંગેની એક કમિટિ સિન્ડિકેટ દ્વારા બનાવવામાં આવી છે. માનનીય કુલપતિશ્રી પ્રસ્તુત કમિટિના ચેરમેન છે.

(૧) માનનીય કુલપતિશ્રી, ડૉ.દક્ષેશ ઠાકર (ચેરમેનશ્રી)

(૨) ડૉ.મહેન્દ્ર ચૌહાણ (૩) ડૉ.વિનોદ પટેલ (૪) શ્રી રાજુભાઈ પટેલ

(૫) શ્રી કમલેશભાઈ પટેલ (૬) શ્રી પંકજભાઈ પટેલ (૭) શ્રી નિર્સગ પટેલ

(૮) શ્રી રાકેશ પટેલ

(C) ના.

(D) હાલમાં વાહન પાર્કિંગ માટે પૂરતી જોગવાઈ છે ભવિષ્યમાં આ અંગે વિચારણા કરીશું.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૭. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સેવા બજાવતા અધ્યાપકો નવા પગાર ધોરણો અનુસારનું એરીયર્સ ચૂકવવામાં આવેલ છે?

(અ) સરકારશ્રી એરીયર્સ જાહેર કરે તો કેટલા સમયમાં અધ્યાપકોની સેવાપોથીમાં જરૂરી સ્ટીકરો લગાવામાં આવેલ છે? જો ના હોય તો કેટલા સમયમાં આ કાર્યવાહી થશે?

**ઉત્તરઃ** ૬૭. યુનિવર્સિટી ખાતે સેવા બજાવતા અધ્યાપકોને નવા પગાર ધોરણ મુજબનુ એરીયર્સ ચૂકવવામાં આવેલ નથી.

(અ) યુનિવર્સિટી ખાતે સેવા બજાવતા અધ્યાપકોને નવા પગાર ધોરણ મુજબનુ એરીયર્સ ચૂકવવામાં આવેલ નથી, કાર્યવાહી ચાલુ છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૮. યુનિવર્સિટી કાર્યક્ષેત્રમાં આવતી અન્ય યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં આપણી યુનિવર્સિટીના જોડાણ માટે એલ.આઈ.સી. મોકલવામાં આવે છે જો જવાબ હા હોય તો તેના યુનિવર્સિટીના ધારાધોરણની માહિતી આપશો.

(અ) યુનિવર્સિટી દ્વારા અન્ય યુનિવર્સિટીમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કઈ કઈ કોલેજોમાં એલ.આઈ.સી. મોકલી હતી. એ એલ.આઈ.સી.ના સભ્યની માહિતી આપવી.

(બ) અઠવા લાઈન્સ પર આવેલ મેટાસ Adventist ઈન્સ્ટિટયુટ કોલેજમાં કયા નિયમ પ્રમાણે એલ.આઈ.સી. મોકલવામાં આવી હતી.

**ઉત્તરઃ** ૬૮. – હાજી, જોડાણ માટે અરજી આવી હોય તો.

– યુનિવર્સિટી એકટ મુજબ.

(અ)

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | સ્થાનિક તપાસ સમિતિના સભ્યોના નામ |
|---|---|---|---|
| ૧. | મેટાસ સેવન્થ ડે એડવેન્ટીસ્ટ ટ્રસ્ટ, અઠવાલાઈન્સ, સુરત | ફિઝિયોથેરાપી | ૧. આ. ડો. વિપીનભાઈ નાયક<br>૨. શ્રી સંજયભાઈ દેસાઈ<br>૩. ડો. સુબોધભાઈ દેસાઈ<br>૪. નિકુંજ આર. દેસાઈ |
| ૨. | મેટાસ સેવન્થ ડે એડવેન્ટીસ્ટ ટ્રસ્ટ, અઠવાલાઈન્સ, સુરત | (૧) બી.એસસી. (નર્સિંગ)<br>(૨) પોસ્ટ બેઝિક બી.એસસી . નર્સિંગ | ૧. આ. ડો. વિપીનભાઈ નાયક<br>૨. શ્રી સંજયભાઈ દેસાઈ<br>૩. શ્રીમતી એમ.એમ. ટંડેલ<br>૪. નિકુંજ આર. દેસાઈ |
| ૩. | **કોલેજ ઓફ એજયુકેશન ફોર વુમન, બારડોલી** | બી.એડ્. | ૧. આ.ડો. વિનોદ એન. પટેલ<br>૨. ડો. ગણેશ પરમાર<br>૩. આ. ડો. વિનોદ જી. પટેલ |
| ૪. | **વી.સી. ટી. મહીલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભરૂચ.** | આર્ટસ એન્ડ કોમર્સ | ૧.શ્રી કિશોર વાઘેલા<br>૨. ડૉ.જગદીશ ગુર્જર<br>૩.ડૉ.રાકેશભાઈ દેસાઈ<br>૪.શ્રી પ્રીતેશભાઈ શાહ |
| ૫. | **શ્રી અખંડ વિદ્યા આરણ્યક બી.એડ કોલેજ, બરૂમાળ, તા.ધરમપુર, જી. વલસાડ.** | બી.એડ. | ૧.ડૉ.પ્રફુલ્લસિંહ રાજ<br>૨.ડૉ.દિપીકાબેન શાહ<br>૩. ડૉ.વિનોદભાઈ જી. પટેલ |

(બ) યુનિવર્સિટી અધિનિયમ –૩૪(૩) અનુસાર તથા સિન્ડિકેટના ઠરાવ મુજબ મોકલવામાં આવી છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૬૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જયારે ગુજરાતી વિભાગની માન્યતા મેળવી છે તો આનંદની વાત છે. પણ આપણે કોમર્સ વિભાગની માન્યતા સેલ્ફ ફાઈનાન્સ કેમ શરૂ કર્યો ? કોમર્સ વિભાગ ચાલુ કરવા માટે યુ.જી.સી./ રાજય સરકાર પાસે અગાઉ કોઈ મંજૂરી માંગી છે ? ના તો શા માટે નથી માંગી અને ચાલુ કરવા માટે શું આયોજન કરશો ?

**ઉત્તરઃ** ૬૯. – વિદ્યાર્થીઓના વિશાળ હિત તથા શૈક્ષણિક હિત ખાતર અભ્યાસક્રમ શરૂ કરેલ છે.

– ના.

– જરૂરી નથી.

– સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમ હોવાથી.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૭૦. તમામ અભ્યાસક્રમોમાં સેમીસ્ટર સીસ્ટમ દાખલ કર્યા પછી આ સીસ્ટમ યોગ્ય કે છે કે નહિ, યોગ્ય અનુકૂળ વાસ્તવિક છે કે નહિ એ બાબત જાણવા માટે કોઈ સમીક્ષા બેઠક યોજી છે ખરી ?

(અ) ઉપરોકત બાબતે સેમેસ્ટર સિસ્ટમ જેમના માટે દાખલ થાય છે તેનો મત કે અભિપ્રાય લીધો છે કે કેમ ?

(બ) નિર્ધારિત સમયમર્યાદામાં સેમેસ્ટરના કોર્ષ પૂરા થતા નથી એવી ફરિયાદો પરત્વે કોઈ કાર્યવાહી કરી છે કે નહી ?

(ક) સેમેસ્ટર દાખલ કર્યા પછી કોલેજોમાં ડ્રોપ આઉટ દર કેટલો તેમજ સમગ્ર તથા પરિણામની વિસ્તૃત આપવી.

(ડ) વાર્ષિક સીસ્ટમ કરતા સેમેસ્ટર સિસ્ટમમાં વિવિધ પ્રકારની વિદ્યાર્થીઓ પાસે લેવાતી ફીમાં કેટલા પ્રકારનો વધારો થયો છે તેની માહિતી આપવી.

(ચ) સેમેસ્ટર સીસ્ટમમાં સિલેબસના ભાગલા કોઈ ચોકકસ પધ્ધતિથી કર્યા છે. અને જો કર્યા હોય તો તે પધ્ધતિની માહિતી આપો.(વાર્ષિક સીસ્ટમના)

**ઉત્તરઃ** ૭૦. – સરકારશ્રી દ્વારા સમયાંતરે કાર્યવાહી થતી હોય છે.

(અ) સરકારશ્રીની યોજના મુજબ સદર પધ્ધતિ દાખલ થયેલ છે.

(બ) કોઈ ફરિયાદ મળેલ નથી.

(ક) આ અંગે કોઈ અભ્યાસ કરી અહેવાલ પ્રસિધ્ધ કરેલ નથી.

(ડ) સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર વાર્ષિક પધ્ધતિમાં પરીક્ષા દીઠ જે ફી લેવામાં આવતી હતી તે જ મુજબ પરીક્ષા દીઠ પ્રવર્તમાન દરો મુજબ ફી લેવાય છે. પરંતુ સેમેસ્ટર પધ્ધતિમાં વિદ્યાર્થીએ બે વાર પરીક્ષા આપવાની થતી હોઈ આ ફી બે વાર આપવાની થાય છે. ફીના પ્રવર્તમાન દરો આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : બ )**

(ચ) નાજી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના વહીવટી કર્મચારીઓનું સિનિયોરીટી લીસ્ટ વર્ષ પ્રમાણે છેલ્લા દસ વર્ષ સુધીનું આપવુ અને જો ન હોય તો તેનું કારણ આપવું.

(અ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના વર્ષ ૧૯૮૨ થી નોકરીમાં જોડાયેલા વહીવટી કર્મચારીઓની હંગામી સ્કેલ પર નોકરી ગણત્રીમાં લીધી છે ? હા તો કોની નથી લેવામાં આવી અને કયા કારણસર ?

**ઉત્તર:** ૭૧. – જે તે વર્ષમાં તૈયાર કરવામાં આવેલ સિનિયોરીટી લીસ્ટ સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવ્યું હતું.

(અ) મેટર સબજયુડીશ છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૨. – વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટી કયા અને કેટલા અધિકારી–કર્મચારીઓનું મોબાઈલ ફોન, ઘર/ ઓફિસ ટેલીફોનનું બિલ ચૂકવે છે ? છેલ્લા બે વર્ષના અધિકારી / કર્મચારી વાઈઝ ટેલીફોન / મોબાઈલ ફોનના બિલની રકમ / ચૂકવણીની વિગતો આપવી.

– યુનિવર્સિટી કયા / કેટલા અધિકારી / કર્મચારીઓને પેટ્રોલ એલાઉન્સ પેટે રકમ છેલ્લા બે વર્ષમાં ચૂકવી ?

– યુનિવર્સિટીનું વાર્ષિક વીજળી બિલ કેટલું ? વિભાગોનું કેટલું? ડિઝલ કે પેટ્રોલ પેટે જનરેટર સેટ ચલાવવા છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થયો.

**ઉત્તર:** ૭૨. – અધિકારીઓને મોબાઈલ ફોનના બિલ અંગે માસિક રૂા. ૬૦૦/– ની મર્યાદામાં આપવામાં આવે છે તથા વિભાગીય વડાને સ્ટાન્ડર્ડ રેન્ટ ચૂકવવામાં આવે છે.

છેલ્લા બે વર્ષના અધિકારી / કર્મચારી વાઈઝ ટેલીફોન / મોબાઈલ ફોનના બિલની રકમ / ચૂકવણીની વિગતો આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : ભ )**

– પેટ્રોલ એલાઉન્સ પેટે કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી.

– યુનિવર્સિટીનું વાર્ષિક વીજળી બિલની રકમ રૂા.૯૮,૪૩,૭૦૨.૩૭ છે. જનરેટર સેટ ચલાવવા માટે પેટ્રોલ કે ડિઝલ પેટે કુલ રૂા. ૨,૮૦,૦૦૦નો ખર્ચ થયેલ છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૭૩. (A) શૈક્ષણિક કર્મચારીઓની મંજુર થયેલી જગ્યા કેટલી છે ? કેટલી જગ્યા ભરવાની બાકી છે ?

(B) બિન–શૈક્ષણિક કર્મચારીઓની મંજુર થયેલી જગ્યા કેટલી છે ? કેટલી જગ્યા ભરવાની બાકી છે ?

(C) આ જગ્યાઓ ભરવાપાત્ર જગ્યાઓ રાજય સરકારમાંથી રદ કરેલી છે ?

(D) આ જગ્યાઓ ભરવા માટે કયા પ્રકારના પગલાં લેવામાં આવેલ છે ?

**ઉત્તરઃ** ૭૩. (A) શૈક્ષણિક કર્મચારીઓની કુલ ૧૩૭ મંજૂર થયેલી જગ્યા છે.
કુલ ૭૬ ખાલી જગ્યાઓ પૈકી રાજય સરકારશ્રી ઘ્વારા હાલ ભરવાની મંજૂરી મળેલ નથી.

(B) બિન શૈક્ષણિક કર્મચારીઓની છઠ્ઠા પગાર મુજબ મંજૂર થયેલ કુલ ૩૧૦ જગ્યા છે. જયારેકુલ ૭૩ ખાલી જગ્યાઓ પૈકી રાજય સરકારશ્રી ઘ્વારા હાલ ૫ (પાંચ) જગાઓની ભરતી માટે મળેલ મંજૂરીની કાર્યવાહી ચાલુ છે.

(C) હાજી.

(D) ખાલી જગા ભરવા માટે રાજય સરકારશ્રી સમક્ષ દરખાસ્ત રજૂ કરતા હાલ રાજય સરકારશ્રી ઘ્વારા ૫ (પાંચ) જગાઓ મંજૂર કરવામાં આવી છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૭૪. યુનિવર્સિટીનાં પત્રાંક ઈન્ફો–એકટ/૧૮/૨૨૨૩/૨૦૧૩થી મુદ્દા –૩માં જણાવ્યા મુજબ ડાયરેકટ બોર્ડ ઓફ સ્ટડીના ચેરમેન બની શકે નહી. છતાં ડૉ. પ્રતિભાબેન દેસાઈ (ડાયરેકટર, રામક્રિષ્ના ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ બાયોલોનીકલ સાયન્સ) બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન માઈક્રોબાયોલોજી વિષયના ચેરમેન તરીકે સેવા આપે છે. અને પરીક્ષક તરીકે ચેરમેન તરીકે પણ નિમાયા છે. તો આ ગેરકાનુની નિમણૂંક અંગે યુનિવર્સિટીએ શું કાર્યવાહી કરી તેની માહિતી આપવી અને તે માટે જવાબદાર કોણ ?

(અ) ઉપરના પત્ર પ્રમાણે જ જવાબ–૧માં જણાવ્યા પ્રમાણે ડાયરેકટર–આચાર્યની સમકક્ષ ગણવાનો શિરસ્તો છે. તો પછી જવાબ–૩માં જવાબ 'ના' લખેલ છે. આ પત્ર આખો વિરોધાભાષી છે. યુનિવર્સિટીને શોભા દેતો નથી. આ માટે કોને જવાબદાર ગણવા ?

(બ) કોઈ શિરસ્તાને આધાર લઈને ડાયરેકટરને આચાર્ય સમકક્ષ ગણીને નિયમ વગર સેનેટ સભ્ય–ડાયરેકટરને પદ પર રહેલા સર્વ સ્વનિર્ભર કોલેજોના ડાયરેકટરોને સેનેટ સભ્ય કયા સ્ટેટયૂટ કે ઓર્ડિનન્સ કે એકટ અને રૂલ્સ એન્ડ રેગ્યુલેશનના આધારે બનાવવામાં આવે છે ? તેની માહિતી આપવી.

(ક) યુનિવર્સિટીના પત્ર ક્રમાંક ઈન્ફો–એકટ/૧૮/૨૨૩૩/૨૦૧૩ થી જણાવ્યા પ્રમાણે ડાયરેકટર એ ટીચીંગ પોસ્ટ હોવા છતાં બધા ડાયરેકટરના તેઓ ઘ્વારા લેવામાં આવતા શૈક્ષણિક (ટીચીંગ) કાર્યભારની તેઓ જોડાયા ત્યારથી આજદિન સુધીની નકલ આપવી. તેઓ પોતાની સંસ્થામાં કેટલા લેકચર લે છે તેની માહિતી આપવી.

**ઉત્તરઃ** ૭૪. – Statute 36 (2) (i) (d) મુજબ પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૫. વી.એન. એસ.જી.યુ. સિન્ડીકેટના કાર્યક્ષેત્રમાં કયા કયા કામો આવે છે ?

(અ) વી. એન. એસ. જી. યુ. સિન્ડિકેટમાં નિમણૂંક બાબતમાં ગુજરાત સરકારની મંજૂરી વગર રેગ્યુલર / એડહોક / ડેલીવેઝીસ / પે માઈનસ પેન્સન જેવી નિમણૂંક કરી શકે ?

(બ) વી.એન.એસ.જી. સિન્ડિકેટ કયારે અને કયા ફંડ હેઠળ નિમણૂંક કરે છે. તે જણાવો.

(ક) વી.એન.એસ.જી.યુ. સંલગ્ન કોલેજોમાં નિમણૂંકોના નિયમોની માહિતી આપો.

**ઉત્તર:** ૭૫. – યુનિવર્સિટી એકટ, સ્ટેટયુટ મુજબ.

(અ) હાજી.

(બ) સિન્ડિકેટના ઠરાવ્યા મુજબ.

(ક) ઓર્ડીનન્સ –૬૯ (એ )/ (બી) હેઠળ તથા યુ. જી.સી. મુજબ.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૬. યુનિવર્સિટીની વેબસાઈટ નિયમીત અપડેટ થાય છે કે નહી ?

(અ) વિદ્યાર્થીઓને લગતી માહિતી જેમ કે પરીક્ષાનું ટાઈમ ટેબલ, વિવિધ પ્રકારના ફોર્મ, વેબસાઈટના માધ્યમથી સમયસર પ્રાપ્ત થાય તે અંગે વેબસાઈટ સમયસર અપડેટ થાય છે કે નહી ?

(બ) આપણી યુનિવર્સિટીનું યુ.જી.સી.માં હજુ SGU નામ ચાલે છે. તો તેને બદલવા કોઈ પ્રયાસ યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવ્યા છે તેની માહિતી આપો.

(ક) VNSGUની વેબસાઈટ આપણા પ્રોફેસર્સનું લીસ્ટ ખોટુ છે તે સુધારવામાં કેમ નથી આવતું ?

(ડ) યુનિ. ની વેબસાઈટ પર યુનિવર્સિટીના જુના જર્નલ્સ મુકેલા છે તેના પરથી એવું ફલીત થાય કે આગળ નવા જર્નલ છપાયા નથી કે યુનિવર્સિટી ધ્વારા પ્રકાશિત કરવામાં નથી આવ્યાં. હકીકત શુ છે જણાવો ?

(ઈ) વેબસાઈટ નિયમીત અપડેટ કરવા કોઈ વ્યકિતની નિમણૂંક કરવામાં આવી છે ?

**ઉત્તર:** ૭૬. – હાજી.

(અ) હાજી.

(બ) **યુ.જી.સી. દ્વારા યુનિવર્સિટીનું નામ યુ.જી.સી.ના નોટીફીકેશન નં.** F.8-1/2001 (CPP-I/PU) **તારીખ: ૨૦/૧૨/૨૦૧૧ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુધારવામાં આવેલ છે.**

(ક) યુનિવર્સિટી વેબસાઈટની માહિતી જે તે વિભાગીય વડાશ્રીની સૂચના અનુસાર અપડેટ કરવામાં આવે છે.

(ડ) જર્નલ્સની માત્ર ઈમેજ મુકવામાં આવેલ છે.

(ઈ) હાજી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૭. યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી સેલ્ફ ફાઈનાન્સ વિભાગ માટે કોઈપણ પ્રકારનો ખર્ચ કરી શકાય ખરો ? અને જો ખર્ચ કરેલ હોય તો કયાં – કયાં કર્યો છે તેની માહિતી આપવી.

**ઉત્તર:** ૭૭. નાજી.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૮. આર્થિક રૂપે અસક્ષમ વિદ્યાર્થીઓની સહાયતા માટે યુનિવર્સિટી દ્વારા કોઈ ફંડનું નિમાર્ણ કરવામાં આવ્યુ છે જો હા તો કેટલા રૂપિયાનું ફંડ છે અને એમાંથી કેટલા વિદ્યાર્થીઓને મદદ કરવામાં આવી છે.

**ઉત્તર:** ૭૮. આર્થિક રૂપે નબળા વિદ્યાર્થીઓને નિયમાનુસાર શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭૯. યુનિવર્સિટીમાં નિમણૂંક પામતા શૈક્ષણિક કર્મચારીઓનું પગાર બંધારણ કયું સત્તા મંડળ કરે છે ?

(અ) યુનિવર્સિટીમાં નિમણૂંક પામતા બીન શૈક્ષણિક કર્મચારીઓનું પગાર બંધારણ કયું સત્તા મંડળ કરે છે ?

(બ) વાઈસ ચાન્સેલરશ્રી કોઈ નિમણૂંક તથા પગાર બંધારણ કરી શકે છે ?

(ક) પગાર બંધારણ એ યુનિવર્સિટી કે રાજય સરકારના નિયમો અંતર્ગત આવે છે ? જણાવો.

(ઈ) વ્યકિત વિશેષનું પગાર નિરધારણ સિન્ડિકેટ કયા નિયમો અંતર્ગત કરતી હોય છે ?

**ઉત્તર:** ૭૯. – યુનિવર્સિટી સિન્ડિકેટ ઠરાવ અનુસાર કરે છે.

(અ) સિન્ડિકેટ ના ઠરાવ અનુસાર કરે છે.

(બ) સિન્ડિકેટ ના ઠરાવ અનુસાર કરે છે.

(ક) સિન્ડિકેટ ના ઠરાવ અનુસાર કરે છે.

(ઈ) સિન્ડિકેટ ના ઠરાવ અનુસાર કરે છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૮૦. આગામી શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટી કેટલા નવા અભ્યાસક્રમો ( Courses) શરૂ કરવા જઈ રહી છે એની માહિતી આપો.

**ઉત્તર:** ૮૦. એલ. એલ. બી. (ઈન્ટીગ્રેટેડ), એમ. ટેક,. વિચારાધિન છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૮૧. ગુજરાત સરકારનો પેન્શન લેતો કર્મચારી યુનિવર્સિટીમાં નોકરી કરી શકે ?

(અ) યુનિવર્સિટી પેન્શન લેતા કર્મચારીએ કયા નિયમ આધારે મહેનતાણું ચૂકવે છે ?

(બ) પેન્શન લેતો કર્મચારીને કોઈપણ પ્રકારની નોકરી પર રાખવા માટે રાજય સરકારની મંજૂરી લેવી પડે ખરી ?

**ઉત્તરઃ** ૮૧. – હાજી.

(અ) ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરીના ઠરાવ ક્રમાંકઃ કવટ/વ–૧ (૧)/૦૮/ ૭૮૮૬ –૮૨૮૪, તા.૧૦/૬/૦૮ અન્વયે પે–માઈનસ પેન્શનની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ સિન્ડિકેટના તા.૩–૪–૧૧/૬/૨૦૧૦, ઠરાવ ક્રમાંક ૧૯૯ અન્વયે યુનિવર્સિટી ફંડમાંથી નિવૃત્ત કર્મચારીઓને કરાર આધારીત નિમણૂંક અન્વયે ચૂકવણૂં કરવામાં આવે છે.

(બ) સિન્ડિકેટના તા.૩–૪–૧૧/૬/૨૦૧૦, ઠરાવ ક્રમાંક ૧૯૯ અન્વયે યુનિવર્સિટી ફંડમાંથી નિવૃત્ત કર્મચારીઓની કરાર આધારીત નિમણૂંક અન્વયે રાજય સરકારશ્રીની મંજૂરીની જરૂર નથી.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૮૨. યુનિવર્સિટીમાં બનેલ મકાનો અને ભવનોની હાલત કેવી છે એમા રંગ રોગાન, મરમ્મતની જરૂરીયાત અનુભવાય છે જો નહી અને થાય છે તો યુનિવર્સિટીનો Action Plan શું છે ?

**ઉત્તરઃ** ૮૨. પ્રસ્તુત બાબતે સમયાંતરે પ્રાથમિક જરૂરીયાતના સંદર્ભમાં મરામત અને રંગ રોગાન કરાવવામાં આવે છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૮૩. યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા પગાર–ભથ્થા વિગેરેનું નિરધારણ કોણ કરી શકે?

(અ) શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનું પગાર ભથ્થા વિગેરેનું નિયમન યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજો બાબતમાં કોણ કરે છે.

(બ) ઉપરોકત બે પ્રશ્નના ઉત્તરના ઓડીનન્સ એકટ અથવા ગુજરાત સરકારશ્રીના નિયમો જણાવો.

**ઉત્તરઃ** ૮૩. – રાજય સરકારશ્રીના નિયમોનુસાર અને સિન્ડિકેટના ઠરાવ મુજબ.

(અ) યુ. જી. સી. અને રાજય સરકારશ્રીના ધારા ધોરણો મુજબ કરવામાં આવે છે.

(બ) યુનિવર્સિટીના ઓર્ડિનન્સમાં સદર જોગવાઈ હોય છે પરંતુ રાજય સરકારશ્રી અને યુ. જી. સી. ના સમય સમયે થતા નિર્ણયો/ નિયમો/ ઠરાવો/ પરિપત્રો મુજબ વિવિધ ભથ્થાઓ ચુકવાતા હોય છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૮૪. યુનિવર્સિટીમાં ઉપકુલપતિ Pro-Vice chancellor ની જગ્યા ખાલી પડેલ છે એને ભરવા માટે યુનિવર્સિટી દ્વારા રાજય સરકારને નિયુકિત અંગે ભલામણ કરવામાં આવી છે.

**ઉત્તરઃ** ૮૪. હાલ નાજી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૮૫. ગ્રાન્ટઈનએડ્/ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના અધ્યાપકોની નિમણૂંક માટે યુ.જી.સી. કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમો એક છે કે અલગ અલગ અને અલગ અલગ હોય તો તેની માહિતી આપવી.

(અ) આપણી યુનિવર્સિટીમાં નવા નિમણૂંક થતા અધ્યાપકોનો પ્રોબેસનનો સમયગાળો ગ્રાન્ટ ઈન એડ્ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/ વિભાગો માટે અલગ અલગ છે કે એક જ છે? જો અલગ અલગ હોય તો માહિતી આપો?

**ઉત્તરઃ** ૮૫. – ભરતીની પ્રક્રિયા કંઈક અંશે અલગ હોય છે. દા. ત. ઈન્ટરવ્યુની ગુણાંકન પધ્ધતિ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં શરતી નિમણૂંક થતી હોય છે. જયારે યુનિવર્સિટી, અનુદાનિત સંસ્થાઓ કે વિભાગોમાં યુ.જી.સી. તથા રાજય સરકારશ્રીના ધારા ધોરણો મુજબ નિમણૂંક થતી હોય છે.

(અ) સામાન્ય રીતે પ્રોબેશન બે વર્ષનો હોય છે. પરંતુ સ્વનિર્ભર સંસ્થાઓમાં કે વિભાગોમાં શરતી નિમણૂંકની શરતો મુજબ નિમણૂંક થતી હોય છે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૮૬. યુનિવર્સિટી પરિસરમાં ધુમ્રપાન અને મદિરાપાનનો પ્રતિબંધ છે ધુમ્રપાન અને મદિરાપાન કરીને આવનાર પર યુનિવર્સિટી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે.

**ઉત્તરઃ** ૮૬. હાજી.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૮૭. યુનિવર્સિટી વિભાગો અને યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટઈનએડ્/ સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં નિમણૂંક થયા અધ્યાપકો માટે કયારથી **M.Phil/ Ph.D, NET/SET** ની લાયકાત અમલમાં આવી તેની માહિતી.

(અ) યુનિવર્સિટી વિભાગો/ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટઈનએડ્/ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કેટલા અધ્યાપકો **Ph.D** કે **NET/SET** છે.

(બ) છેલ્લા ૧૦ વર્ષમાં યુનિવર્સિટી વિભાગોમાં થયેલા અધ્યાપકોની નિમણૂંકની યાદી. એમાંથી આજદિન સુધી કેટલા અધ્યાપકો **NET/SET** અને **Ph.D** છે. તેની માહિતી.

**ઉત્તર:** ૮૭. – યુ.જી.સી. ગાઈડલાઈન્સ - ૧૯૯૮ અંતર્ગત.

(અ) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં ૭૬ પૈકી ૬૯ Ph.D કે NET/SET છે તેમજ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટઈનએડ્/ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કેટલા અધ્યાપકો **Ph.D** કે **NET/SET** છે તે માહિતી Statute 36 (2) (i) (g) મુજબ આપવાની રહેતી નથી.

(બ) માહિતી આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : મ )**

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૮૮. N.S.S.ના વિદ્યાર્થીઓ માટે કેટલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કઈ યુનિવર્સિટી સ્તરના શિબિર ચાલુ સત્રમાં થયા છે ? અથવા નહી થયા હોઈ તો એનું કારણ શું છે ?

**ઉત્તર:** ૮૮. એન.એસ.એસ. ના વિધાર્થીઓ માટે ખાસ શિબિરનું આયોજન કોલેજ ધ્વારા કરવામાં આવે છે. સને ૨૦૧૧–૧૨ માં કુલ –૩૭ કોલેજો ધ્વારા શિબિર કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે માર્ચ–૨૦૧૩ સુધી ખાસ શિબિરનું આયોજન થશે

ચાલુ સત્રમાં યુનિવર્સિટી ખાતે કોઈપણ શિબિર કરવામાં આવ્યા નથી. શિબિરનું આયોજન કોલેજ ધ્વારા જ કરવામાં આવે છે. જે નિયમિત રીતે થાય છે.

**શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૮૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના કેટલા અધ્યાપકો ખાનગી ટયુશન કરાવે છે ? એમના પર આજદિન સુધી કયા કયા પગલા લીધા સભા સમક્ષ જણાવો

**(અ)** આ બાબત ને ધ્યાનમાં રાખી સિન્ડિકેટમાં એક કમિટી બનાવો જેથી આવુ કાર્ય બંધ થાય.

**(બ)** આવા અધ્યાપકોને યુનિવર્સિટીમાંથી પરીક્ષાની કામગીરીમાંથી જેવુ કે સ્કોર્ડ પેપર સેટીંગ અને પેપર ચેકિંગમાંથી દૂર રાખવા જોઈએ.

**ઉત્તર:** ૮૯. જયારે જયારે ટયુશનની ફરિયાદો યુનિવર્સિટીને મળે છે ત્યારે યુનિવર્સિટી યોગ્ય અને નિયમાનુસારની કાર્યવાહી કરે છે.

**(અ)** સમિતિ બનાવવા બાબતની વિચારણા સિન્ડીકેટ કરી શકે છે.

**(બ)** આ બાબતે સક્ષમ અધિકાર મંડળો નિર્ણય લઈ શકે.

**શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૯૦ થી ૯૮)**

**પ્રશ્નઃ** ૯૦. N.S.S. પ્રકલ્પની કેટલી આવક થઈ અને કેટલો ખર્ચ થયો ? દરેક સંલગ્ન કોલેજોને કેટલા કેટલા શિબિર માટે કેટલા રૂપિયા આપવામાં આવ્યા ?

**ઉત્તરઃ** ૯૦. રાજય સરકાર તરફથી ચાલુ વર્ષે નિયમિત પ્રવૃત્તિ તેમજ ખાસ શિબિર પેટે ૬૬,૫૦,૦૦૦/–ની ફાળવણી કરવામાં આવી .

- ❖ **નિયમિત પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીદીઠ ૨૫૦/– લેખે રૂા.૩૫,૦૦,૦૦૦/– કોલેજ તેમજ યુનિવર્સિટી ખર્ચ પેટે ફાળવવામાં આવેલ છે.**

- ❖ **ખાસ શિબિર માટે કોલેજ ધ્વારા ભાગ લીધેલ વિધાર્થી દીઠ રૂા. ૪૫૦/– લેખે હિસાબો રજૂ કર્યા બાદ ચૂકવવામાં આવે છે. હાલમાં કોલેજ ધ્વારા આયોજીત કેમ્પના હિસાબો રજૂ કરવામાં આવી રહયા છે. અને નિયમાનુસાર ચૂકવણી કરવામાં આવે છે.**

**પ્રશ્નઃ** ૯૧. N.S.S.ની પ્રવૃત્તિ સુચારુ રૂપથી થઈ રહી છે એની સમીક્ષા થાય છે તો એનું સંપૂર્ણ વિવરણ સેનેટ સભામાં રાખવા વિનંતી.

**ઉત્તરઃ** ૯૧. સૂચન આવકાર્ય છે.

**પ્રશ્નઃ** ૯૨. યુનિવર્સિટીમાં ખેલકૂદ માટે કેટલી ખેલકૂદની સામગ્રી ખરીદવામાં આવી એનું વિવરણ પ્રસ્તુત કરવા વિનંતી.

**ઉત્તરઃ** ૯૨. યુનિવર્સિટીમાં ખેલકૂદ માટે કેટલી ખેલકૂદની સામગ્રી ખરીદવામાં આવી તે આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**(પરિશિષ્ટ : ૨ )**

**પ્રશ્નઃ** ૯૩. હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે ખેલકૂદની સામગ્રી ઉપલબ્ધ છે અને ચાલુ સત્રમાં કેટલી નવી સામગ્રી વિદ્યાર્થી માટે ઉપલબ્ધ કરવામાં આવી.

**ઉત્તરઃ** ૯૩. હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના ગ્રાઉન્ડ, ઇન્ડોર સ્ટેડિયમ, જીમ વગેરેનો ઉપયોગ કરવા દેવામાં આવે છે તથા હોસ્ટેલના વિધાર્થીઓ માટે ખેલકુદની સામગ્રી ચાલુ સત્ર દરમ્યાન નીચે મુજબની નવી સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવી.

(૧) કેરમબોર્ડ ૦૪ સેટ

(૨ ) બેટમિન્ટન ૧૬ સેટ

(૩) વોલીબોલ ૧૦ અને ૦૨ નેટ

(૪) હાલમાં ક્રિકેટનાં સાધનો તેમજ કેરમબોર્ડ ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે.

આ ઉપરાંત મોટા ભાગના હોસ્ટેલના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના ઈન્ડોર સ્ટેડીયમ/ જીમનો ઉપયોગ કરે છે.

**પ્રશ્નઃ** ૯૪. સેનેટ/ સિન્ડિકેટ અથવા એકેડેમિક કાઉન્સિલની ચૂંટણી માટે સ્કુટીની કમિટિ બનાવાય છે એની નિયુકતિ કોણ કરે છે તથા કઈ યોગ્યતાના આધારે સ્કુટીની કમિટિના સભ્યોની નિયુકિત થાય છે. જાણકારી આપો.

**ઉત્તરઃ** ૯૪. – સ્ટેટયૂટ ૨૫૯ (એ) મુજબ એકેડેમિક કાઉન્સિલની ચૂંટણી માટે સ્કૂટીની કમિટિ નિમણુંક માનનીય કુલપતિશ્રીની સત્તામાં આવે છે તે મુજબ માનનીય કુલપતિશ્રી કમિટિના સભ્યોની નિમણૂંક કરે છે.

**પ્રશ્નઃ** ૯૫. સ્ક્રીટીના કમિટિના સભ્યો કોણ કોણ બની શકે છે ?

**ઉત્તરઃ** ૯૫. – માનનીય કુલપતિશ્રીના આદેશાઅનુસાર સ્કુટીની કમિટીના સભ્યોની નિમણૂંક થાય છે.

**Statute 275 (1):**

(1) All voting papers shall be scrutinised by the Registrar and such other person or persons as may be nominated by the Vice-Chancellor.

**પ્રશ્નઃ** ૯૬. યુનિવર્સિટીમાં Wi-Fi(વાઈ–ફાઈ) ઈન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ છે ? કેટલા પી. જી. સેન્ટર પર Wi-Fi(વાઈ–ફાઈ) થી ઈન્ટરનેટ ચાલે છે, જાણકારી આપશો.

**ઉત્તરઃ** ૯૬. હાજી.

**પ્રશ્નઃ** ૯૭. યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓને કયાં – કયાં અને કયા વિભાગો/ બોર્ડ / સમિતિ/ કમિટિમાં પ્રતિનિધિત્વ મળે છે ?

**ઉત્તરઃ** ૯૭. યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓને સેનેટ, બોર્ડ ઓફ સ્પોર્ટસ અને સ્ટુડન્ટ વેલફેર બોર્ડ, એન. એસ. એસ., હોસ્ટેલ, એન્ટી રેંગીગ, લાઈબ્રેરી કમિટિ માં પ્રતિનિધિત્વ આપવામાં આવે છે.

**પ્રશ્નઃ** ૯૮. યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય, સિન્ડિકેટ સભ્ય, એ. સી.ના મેમ્બરો માટે કોઈ પણ પ્રકારની કાર્યાલયની વ્યવસ્થા છે ? જયાં તેઓ બેસીને પ્રશાસનિક કાર્ય અને નિયતીલક્ષી કાર્ય કરી શકે.

**ઉત્તરઃ** ૯૮. હાજી, રૂમ નં. ૨૧૧માં વ્યવસ્થા કરવામાં આવી છે.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સૂચવેલ સુધારા–વધારા સાથે રજૂ કરેલ ૪૬માં વાર્ષિક અહેવાલ ( ૨૦૧૧–૨૦૧૨ ) પર વિચારણા કરવા બાબત.

**<u>સિન્ડિકેટ તરફથી શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૧૧–૨૦૧૨ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

**:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે સિન્ડિકેટે તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સનેઃ ૨૦૧૨–૨૦૧૩નું સુધારેલ અંદાજપત્ર તથા સનેઃ ૨૦૧૩–૨૦૧૪ નું અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

**<u>સિન્ડિકેટ તરફથી આ.ડૉ.જયંતીકુમાર મોરારજી નાયકે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>**

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સને : ૨૦૧૨–૨૦૧૩નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૩–૨૦૧૪ ના અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

**:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અંદાજપત્રો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.**

૫. સ્ટેટયુટ ૧૯૯ અન્વયે યુનિ. ના સને ૨૦૧૧ – ૨૦૧૨ના નાણાંકીય વર્ષના હિસાબોની ચકાસણી અંગેની બોર્ડ ઓફ એકાઉન્ટસના અધ્યક્ષશ્રીના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**<u>સિન્ડિકેટ તરફથી આ.ડૉ.જયંતીકુમાર મોરારજી નાયકે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>**

**:: ચર્ચા વિચારણાને અંતે સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષનો યુનિવર્સિટીનો બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો અહેવાલ પરિશિષ્ટઃ ' લ ' હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.**

**(પરિશિષ્ટ : ' લ ' )**

૬. મેડીકલ વિદ્યાશાખામાં તેમજ કોમર્સ વિદ્યાશાખામાં નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હોય તે વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યાનુસારની પદવી સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

**FACULTY OF MEDICINE**

(1) Master of Physiotherapy (MPT)

(2) Post Basic Bachelor of Science (Nursing) (P.B.B.Sc.) (Nursing)

(3) M.Sc. Nursing

**FACULTY OF COMMERCE**

(4) P. G. Diploma Course in Management & Marketing With Specialisation in Textile & Allied Industries (P.G. Diploma M.M.T.)

**સિન્ડિકેટ તા.૫–૨–૨૦૧૩ બાબત ક્રમાંક –૧૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ વિદ્યાશાખામાં નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હોય તે વિદ્યાશાખા હેઠળ ઉપરોકત જણાવ્યાનુસારની પદવી સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા આગામી સેનેટની વાર્ષિક સભામાં આ દરખાસ્ત ડૉ.રજનીભાઈ એમ. પટેલ (સેનેટર–સ્મીમેર) પાસે તથા વાણિજય વિદ્યાશાખાની ડિગ્રી આ. ડૉ.જે. એમ. નાયક પાસે રજૂ **(MOVE)** કરાવવી.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સર્વાનુમતે સ્ટેટયુટના યોગ્ય ફોર્મેટમાં ન હોવાથી સિન્ડિકેટને પુનઃ વિચારણા અર્થે રિફર કરવામાં આવેલ છે.**

**ડૉ.ઘનશ્યામભાઈ ડી. રાવલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :**

૭. " વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નવસારી સ્થિત બી.પી.બારીયા સાયન્સ કોલેજ, ગાર્ડા આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા દાબુ લો કોલેજની મેનેજમેન્ટ તથા ઈન્ચાર્જ આચાર્ય નામદાર ગુજરાત સરકાર તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમોનું પાલન કરતી ન હતી તેના આદેશોની ધરાર અવગણના કરતી હતી તેમજ કોલેજના વિદ્યાર્થીઓ શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક કર્મચારીઓના હકક ઉપર તરાપ મારવાનું કૃત્ય કરતી હોવાથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે આ કોલેજનો વહીવટ પોતાને હસ્તગત કરવાનું ઠરાવ્યું છે તે બદલ સેનેટની આજની સભા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી તથા સિન્ડિકેટનો આભાર વ્યકત કરે છે.

**" ઉપરોકત પ્રસ્તાવ ડૉ.ઘનશ્યામભાઈ ડી. રાવલે રજૂ કર્યો અને તેને શ્રી સંજયભાઈ દેસાઈએ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. "**

**<u>શ્રી ધર્મેશભાઈ પી. શાહે  નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી છે :</u>**

૮. (૧) યુનિવર્સિટી વાર્ષિક અહેવાલ જે તે કેલેન્ડર વર્ષમાં રજૂ કરવામાં આવે તો યુનિ. ની યોજનાઓ સાનુકેળ બનાવી શકાય.

**દા.ત.** નાણાંકીય વર્ષઃ ૨૦૧૨–૧૩નો અહેવાલ વર્ષ ૨૦૧૩માં નાણાંકીય વર્ષ પુરુ થયા પછી બાકીના ૯ મહિના દરમ્યાન વર્ષ ૨૦૧૩માં જ રજૂ કરવો.૨

(૨) યુનિ.માં **VC** ડૉ. શ્રી ઠાકર સાહેબના આવ્યા બાદ મળેલ દાન માટે **VC** સાહેબને અભિનંદન અને આ દાન આપનાર દાતા તેમજ દાન માટે પ્રયત્ન કરનાર પ્રત્યક્ષ કે પરોક્ષ દરેક વ્યકિતનો આભાર.

(૩) યુનિ. માં રાખવામાં આવતા રોજમદાર (હંગામી) કર્મચારીઓને મળતું પગાર ધોરણ સમાન હોવું જોઈએ.

(૪) યુનિ. ના કાર્યને વધુ સક્ષમ અને જવાબદારીપૂર્ણ બનાવવા માટે રોજમદાર કર્મચારીની સંખ્યામાં ઘટાડો કરી કોન્ટ્રાકટ આધારિત કર્મચારીઓની ભરતી કરવામાં આવે.

(૫) યુનિ. ખાતે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગુજરાતી સાહિત્ય વિભાગ માટે ફાળવેલ શૈક્ષણિક ભરતી તેમજ યુનિ. કેમ્પસ ખાતે **S.T.** કન્યા છાત્રાલય માટે ફાળવેલ ફંડ માટે ખુબ આભાર.

(૬) યુનિ.ને વહીવટીતંત્ર માટે ગુજરાત સરકારે ફાળવેલ મંજુરી માટે રાજય સરકારનો આભાર અને યુનિ. તંત્રને તેમના સફળ પ્રયત્નો માટે અભિનંદન. ગુજ. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ આ જ પ્રકારે ગુજરાતમાં સર્વાંગીણ વિકાસના મુદ્દા આધારિત ત્રીજીવાર મેળવેલ ભવ્ય જીત બદલ અભિનંદન.

(૭) ઓપ્ટોમેટ્રી ને **MCI** ના નિયમ મુજબ મેડીકલ ફેકલ્ટી સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ ના હોય આ સંજોગોમાં તેને સાયન્સ ફેકલ્ટીમાં જ રાખવી. અગાઉ સાયન્સ ફેકલ્ટીમાં જ હતી જે પુનઃ યથાવત્ રાખવી.

(૮) યુનિ. ડીગ્રી આપતા કાર્યક્રમ કોન્વોકેશન ફંકશનને વિદ્યાર્થીને પડતી હાલાકીને ધ્યાનમાં રાખી તેમજ યુનિ.ને પડતા આર્થિક ભારણને સમજીને રદ કરવા જોઈએ, અથવા જુની પધ્ધતિને ધ્યાનમાં રાખી વર્ષમાં બે વાર કોન્વોકેશન ફંકશન આયોજિત કરી વિદ્યાર્થીઓને સાનુકુળતા કરવી જોઈએ.

(૯) પરીક્ષા ફોર્મ તેમજ ડીગ્રી ફોર્મ વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મ સાથે ભરાવી લેવા જોઈએ જેથી વિદ્યાર્થી, કોલેજ તેમજ યુનિ. સ્તરે પણ કાર્યબોજ હળવો થશે. તેમજ વારંવાર ફોર્મ ભરવાની પ્રક્રિયાથી મુકિત મેળવી શકાય. વળી, વિદ્યાર્થીને પણ સાનુકુળતા થશે.

**" ઉપરોકત પ્રસ્તાવ શ્રી ધર્મેશભાઈ પી. શાહે રજૂ કર્યો અને ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત પ્રસ્તાવો ધર્મેશભાઈ પી. શાહ દ્વારા Withdraw કરવામાં આવ્યા હતા."**

૯. પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: **કુલસચિવશ્રી તરફથી પરિશિષ્ટઃ ' વ ' માં જણાવ્યા પ્રમાણે રજૂ કરેલ કોલેજોના અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.**

**(પરિશિષ્ટ : ' વ ')**

૧૦. આગામી તા.૨૫–૨૬/૦૩/૨૦૧૩ના રોજ મળનાર સેનેટની સભામાં સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોને મળેલા દાન અંગેની નોંધ લઈ દાતાઓનો આભાર માનવા બાબત.

:: **પરિશિષ્ટ : ' શ ' માં જણાવ્યા મુજબ યુનિવર્સિટીને મળેલ દાનના અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.**

**(પરિશિષ્ટ : ' શ ')**

**હુ ક મ થી,**
**Sd/-**
**કુલસચિવ**

ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૪૫૯૦/ ૨૦૧૩
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા.૨૫–૪–૨૦૧૩
**પ્રકાશક :** ડૉ.જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.
**પ્રતિ,**
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.........